
# આદિપુરના સદ્ગત સાક્ષર વિશે વક્તવ્ય યોજાયું

## મેરે ઝરોખેં સે સાહિત્ય બેઠકમાં કવિઓ જોડાયા



સદ્ગત ગોવિંદાણીનું જીવન કવન રજૂ કરતા શ્રી ખત્રી, જ્યારે બીજી તસવીરમાં મુરલી રચિત કવિતાઓનું પઠન કરતા શ્રી તિલોકાણી નજરે પડે છે.

આદિપુર, તા. ૧૦ : કેન્દ્રીય સાહિત્ય અકાદમી (ન્યુ દિલ્હી) તથા સ્થાનિકે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિંધોલોજીના સંયુક્ત ઉપક્રમે 'મેરે ઝરોખે સે' નામે એક સાહિત્યિક બેઠકમાં આ નગરના સદ્ગત સિંધી સાહિત્યકાર મુરલી ગોવિંદાણીનાં સાહિત્ય અને જીવન-કવન તથા સામાજિક કાર્યો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

સિંધોલોજીના પ્રાંગણમાં આયોજિત કાર્યક્રમમાં ડો. ગિદવાણી વિદ્યાલયના નિવૃત્ત આચાર્ય અને સ્વ. ગોવિંદાણીના નજીકના મિત્ર ઓકેશકુમાર ખત્રીએ મુરલીભાઈનાં જીવનકવન તથા સાહિત્યિક પ્રવૃત્તિ વિશે વક્તવ્ય આપીને ઉપસ્થિતોને મુરલીભાઈનાં વ્યક્તિત્વથી પરિચિત કરાવ્યા હતા. સિંધોલોજીના ગ્રંથપાલ અને કવિ તથા કાર્ટુનિસ્ટ મુકેશ તિલોકાણીએ મુરલી ગોવિંદાણી રચિત કાવ્યોનો સાહિત્યિક પ્રવાહ વહાવ્યો હતો. સાહિબ બિજાણીએ મુરલીભાઈ કેટલીક સામાજિક તથા શૈક્ષણિક સંસ્થાઓ સાથે પણ જોડાયેલા હતા. તેઓ પરદા પાછળ રહીને જ સેવા કરવામાં માનતા હતા તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે મુરલીભાઈને મળેલાં સન્માનનાં સ્મૃતિચિહ્નો પણ તેમની છબી સમક્ષ મૂકવામાં આવ્યાં હતાં. આયોજન, સંચાલન તથા આભારવિધિ સિંધોલોજીના નિર્દેશક સાહિબ બીજાણીએ સંભાળ્યાં હતાં.

**આદિપુરમાં જુનિયર ચેસ સ્પર્ધા** : આદિપુર તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ અને કેએસઆર ચેસ ગ્રુપ દ્વારા આયોજિત કચ્છ જિલ્લા જુનિયર ચેસ પસંદગીમાં અંડર ૧૬ અને અંડર ૧૨ કેટેગરીમાં પસંદગી પામેલાં બાળકોને રોકડ પુરસ્કૃત અને મેડલ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ચેસમાં પ્રથમ બે સ્થાન પ્રાપ્ત કરનારા ખેલાડીઓને રાજ્ય સ્તરે સ્પર્ધા માટે કેએસઆર ચેસ ગ્રુપ દ્વારા સહકાર કરવામાં આવ્યો છે જુનિયર ચેસ સ્પર્ધામાં પસંદગી પામેલા ખેલાડીઓ અને તેમના માતાપિતાનું કોચ કિશોર